મેટ્રો પ્રોજેક્ટના પગલે

મોટા વરાછારૂટ પર 31મી ઓક્ટોબર સુધી વાહનોની અવરજવર પર પ્રતિબંધ

મેટ્રો રેલની કામગીરીનાં પગલે શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડી મોટા વરાછા સરીતા સાગર સોસાયટી, કાપોદ્રા , ચીકુવાડી ગાર્ડન સહિતના નિયત રૂટ પર વાહનોની અવરજવર અને પાર્કિંગ પર પ્રતિબંધ મૂક્યો

સુરતઃ મેટ્રો રેલની કામગીરીને પગલે મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી, કાપોદ્રા, ચીકુવાડી ગાર્ડન સહિતના નિયત રૂટ પર વાહનોની અવરજવર અને પાર્કિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ રૂટ પર ટ્રાફિકની કોઈ પણ સમસ્યા ઉદભવે નહીં તે હેતુસર આ રુટ પર તા.31મી ઓક્ટોબર સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તથા પાર્કિંગ કરવા ઉપર શહેર પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે પ્રતિબંધ ફરમાવ્યો છે.

જોકે , આ રૂટ બંધ કરવામાં આવતા લોકોને અવરજવર માટે નવા રૂટ માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.



An artist's impression of the proposed Metro track

હવે દિવાળી સુધી આ રહેશે નવા રૂટની વૈકલ્પિક વ્યવસ્થા

જેમાં મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી તરફ જતાં તમામ વાહન વ્યવહાર કલાકુંજ સોસાયટી ખાતે ડાઈવર્ટ થશે. જ્યારે હરીકુંજ વિભાગ-01 સોસાયટીથી શરૂ કરાયેલો રૂટ આગળ ક્રિષ્ના સ્કુલ પાસેના ચાર રસ્તાથી વાયા સાગર સોસાયટી વિસ્તારમાંથી પસાર થશે. તો બીજી તરફ સરીતા સાગર સોસાયટીથી નવા ઓવરબ્રીજથી મોટા વરાછા તરફ જતા તમામ વાહનો સરીતા સાગર સોસાયટીથી સીધા આગળ જઇ મહર્ષિ કણાદ પ્રાથમિક શાળા ખાતેથી ભગવતી કોમ્પેલેક્ષ ચીકુવાડી ખાડી પાસેથી પસાર થશે. આ કામગીરી દરમિયાન મોટા વરાછાનો ઓવર બ્રીજ ચાલુ રાખવામાં આવ્યો છે.

રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરાના 127 કેસ, 39 પોઝિટિવ

ગાંધીનગરઃ રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા (એન્ક્ફેલાઈટીસ)ના 127 કેસ છે. જેમાંથી 39 કેસ પોઝિટિવ છે. જ્યારે 48 દર્દીઓ મૃત્યુ પામ્યા છે. રાજ્યમાં ચાંદીપુરાના કુલ 127 કેસ છે જે પૈકી સાબરકાંઠામાં 12, અરવલ્લીમાં સાત, ખેડામાં છ, મહેસાણામાં સાત, રાજકોટમાં પાંચ, સુરેન્દ્રનગરમાં પાંચ, અમદાવાદ મનપામાં 12, ગાંધીનગરમાં છ, પંચમહાલમાં 15, જામનગરમાં છ, મોરબીમાં પાંચ, ગાંધીનગર મનપામાં ત્રણ, છોટાઉદેપુરમાં બે, દાહોદમાં ત્રણ, વડોદરામાં છ, નર્મદામાં બે, બનાસકાંઠામાં પાંચ, વડોદરા મનપામાં બે, ભાવનગરમાં એક, દેવભૂમિ દ્વારકામાં એક, રાજકોટ મનપામાં ચાર, કચ્છમાં ત્રણ, સુરત મનપામાં બે, ભરૂચમાં ત્રણ, અમદાવાદમાં એક, જામનગર મનપામાં એક કેસ મળ્યો છે. જે પૈકી કુલ 39 કેસ પોઝિટિવ મળ્યા છે. સરકાર દ્વારા આ વાયરસને નાથવા માટે પગલાં લેવામાં આવી રહ્યાં છે, છતાં બાળકો ભોગ બની રહ્યાં છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલ આજે દિલ્હીમાં, હાઈકમાન્ડ સાથે બેઠક થશે: રાજકીય નવાજૂનીના એંધાણ

રાજ્યમાં કેબિનેટના વિસ્તરણની પણ રાજકિય અટકળો ચાલી રહી છે

ભાજપ હાઈકમાન્ડ દ્વારા બિહાર અને રાજસ્થાનના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક કરી દેવામાં આવી છે ત્યારે હવે ગુજરાત પ્રદેશ પ્રમુખની નિમણૂંક માટે ચક્રો ગતિમાન મનાય છે

ગાંધીનગરઃ દિલ્હી ખાતે આવતીકાલે નીતિ આયોગની બેઠક યોજવા જઈ રહી છે. જેમાં હાજરી આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ દિલ્હી જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે દિલ્હી પહોંચશે. દિલ્હી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાજપ હાઈકમાન્ડ સાથે પણ મુલાકાત કરી શકે છે. તો દિલ્હીથી પરત આવ્યા બાદ ગુજરાતના રાજકારણમાં નવાજૂની થવાના એંધાણ પણ વર્તાઈ રહ્યાં છે.

ખાસ કરીને ભાજપના હાઈકમાન્ડ દ્વારા બિહાર તથા રાજસ્થાનના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક કરી દીધી છે ત્યારે હવે નજીકના દિવસોની અંદર ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખની નિમણૂંક થઈ જશે તેમ મનાય છે.

દિલ્હી ખાતે આવતીકાલે નીતિ આયોગના ગવર્નિંગ કાઉન્સિલની નવમી બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાવા જઈ રહી છે. આવતીકાલે યોજાનારી બેઠકમાં દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહેશે. જેથી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે દિલ્હી પહોંચશે. હાલ રાજ્યમાં સીએમ ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં વિસ્તરણની રાજકિય અટકળો પણ ચાલી રહી છે. ત્યારે હાઈકમાન્ડ સાથેની બેઠકમાં કોને કેબીનેટમાં સમાવવા? તથા ખાતાઓની ફેરબદલી કરાય ત્યારે કોને કયું ખાતું આપવું, કોની પાસેથી કયું ખાતું લઈ લેવું તેને લઈને પણ ચર્ચાઓ થઈ શકે છે. નવા મંત્રીમંડળમાં સુરતના ભાજપના સિનિયર ધારાસભ્ય પૂર્ણેશ મોદી, અર્જુન મોઢવાડિયા તથા સી. જે. ચાવડાને સમાવેશ થાય તેવી ચર્ચા ચાલી રહી છે.

નર્મદ યુનિવર્સિટી દ્વારા 24 અને 25 જુલાઈના રોજ રદ કરેલી પરીક્ષાઓનો કાર્યક્રમ જાહેર કરાયો

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાતી યુનિવર્સિટી દ્વારા ગયા સપ્તાહમાં અતિભારે વરસાદને કારણે મુલતવી રખાયેલી પરીક્ષાઓનું રિ-શિડયુલ જાહેર કરી દેવાયું છે.

યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, કોમ્પ્યુટર સાયન્સ અને એજ્યુકેશન વિદ્યાશાખાઓના કોલેજોના આચાર્ય , યુનિવર્સિટી વિભાગના વડા અને કો-ઓર્ડિનેટરને જણાવવામાં આવ્યું છે કે 24 અને 25 જુલાઈ-2024 ના રોજ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની પૂરક પરીક્ષાઓ ભારે વરસાદને કારણે મુલતવી રાખવામાં આવી હતી. મુલતવી રાખેલી પરીક્ષાઓ હવે લેવામાં આવશે. 24 જુલાઈની પરીક્ષા 2જી ઓગસ્ટના રોજ તથા 25 જુલાઈની પરીક્ષા 3જી ઓગસ્ટના રોજ લેવાશે. અગાઉ જણાવેલા સમયે તેમજ તે જ પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા લેવામાં આવશે.

ભારે વરસાદને કારણે પરીક્ષામાં ગેરહાજર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પૂરક તેમજ એક્સ્ટર્નલ સહિતની તમામ પરીક્ષાઓમાં ભારે વરસાદને કારણે ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પાછળથી લેવામાં આવશે. પરીક્ષાનો કાર્યક્રમ હવે પછી યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. 22-23 તેમજ 26-27 જુલાઈના રોજની પરીક્ષામાં ગેરહાજર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે.

ફાયર સેફ્ટીના મામલે શાળાઓને સીલ મારવાની કાર્યવાહી સામે હાઈકોર્ટની નારાજગી

અમદાવાદઃ શાળાઓમાં ફાયર સેફ્ટીના મુદ્દે ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સત્તાવાળાઓએ ફાયર સેફ્ટીના મામલે કેટલીક પ્રી-શાળાઓને સીલ મારવામાં આવ્યા છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટે સરકારને આડે હાથ લેતા નોંધ્યું હતું કે, તમને સ્કૂલની ફાયર સેફ્ટીની ચકાસણી કરાવવા કહ્યું હતું, સ્કૂલો બંધ કરાવવા નહીં. હાઈકોર્ટે વધુમાં કહ્યું હતું કે સરકાર ઓથોરિટી પાવરનો વધુ પડતો ઉપયોગ ન કરે. ફાયર સેફ્ટી નહીં હોવાથી ઓથોરિટીએ પ્રી-સ્કૂલ બંધ કરાવી દીધી છે. શાળાઓને ફાયર સેફ્ટી અંગે કોઈ નોટીસ કે સમય આપવામાં આવ્યો નથી. કોર્ટે તમને શાળાઓ બંધ કરાવવા નહીં, પરંતુ ફાયર સેફ્ટીનું અમલીકરણ કરાવવા કહ્યું છે. ચોક્કસ સમયગાળાઓમાં શાળાઓમાં ફાયર સેફ્ટી અંગે તપાસ કરી અહેવાલ સુપ્રત કરવા માટે જણાવ્યું છે. શાળાઓમાં ફાયર સેફ્ટીના મુદ્દે શાળાઓને સીલ મારવું યોગ્ય નથી.

ડ્રગ્સની હેરફેર બાદ હવે ભાજપના અમદાવાદના નેતા 893 બોટલ દારૂ સાથે ઝડપાયા

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના બિલડિયા ગામ પાસેથી ભાજપના નેતા જયેશ ભાવસારની ધરપકડ

ગાંધીનગરઃ તાજેતરમાં સુરતમાં ભાજપનો એક કાર્યકર એમડી ડ્રગ્સના 50 લાખના જથ્થા સાથે ઝડપાયો હતો. તે પછી રાજકોટમાં ભાજપના નેતાના પુત્રને 10 લાખના એમડી ડ્રગ્સ સાથે પોલીસે ઝડપી લીધો હતો. હવે અમદાવાદના ભાજપના નેતા સાબરકાઠામાં 893 બોટલ દારુ સાથે ઝડપાઈ જતાં પાર્ટીમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. દારૂની હેરફેરીમાં પોલીસે મોબાઈલ ફોન તથા કાર પણ જપ્ત કરીને સાત લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસે સાબરકાંઠાના વિજયનગર તાલુકાના બિલડિયા ગામ પાસેથી ભાજપના નેતા જયેશ ભાવસારની ધરપકડ કરી છે, તેમની સાથે દારૂના જથ્થા સાથે અમદાવાદના શાહીબાગ હેડકવાર્ટરના આર્મ એએસઆઈ પ્રવિણકુમાર ધનજીભાઈ ચૌહાણ તથા પ્રહલાદ સોનગરા, કિશોક વંજાણી અને ભરત નામની વ્યક્તિ સામે ગુનો દાખલ થયો છે. જયેશ ભાવસાર સહિત પોલીસ દ્વારા ત્રણ આરોપીઓની ધરપકડ કરી લેવાઈ છે. આ જયેશ ભાવસાર અગાઉ અમદાવાદમાં અસારવા વોર્ડના પ્રમુખ પદે રહી ચૂક્યા છે. જયારે ભાજપના ઉચ્ચ હોદ્દા ધરાવતા નેતાઓ સાથે ઘરોબો ધરાવે છે એટલું જ નહીં તેની મોટા ગજાના નેતાઓ સાથેની તસ્વીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે.

વિદેશ મોકલાયેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી લાખોની છેતરપિંડી કરતી રાજસ્થાનની ગેંગના 3ની ધરપકડ

આરોપીઓ પાસેથી 95 સીમકાર્ડ, અલગ અલગ બેંકોની 65 જેટલી ચેકબુક, 61 એટીએમ કાર્ડ તથા રોકડા રૂપિયા 9.50 લાખ સહિત મુદ્દામાલ જપ્ત

અમદાવાદઃ ફેડેક્સ કુરિયરમાં મુંબઈથી ઈરાન મોકલેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી મુંબઈ એનસીબીના નકલી અધિકારી તરીકે ઓળખ આપી પાર્સલ મોકલનાર વ્યક્તિના બેંક એકાઉન્ટમાંથી દસ લાખની પ્રિએપ્રુવડ લોન મંજૂર કરાવી, છેતરપિંડી કરતી રાજસ્થાન ગેંગના ત્રણ સાગરીતોને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. તેમની પાસેથી 95 સીમકાર્ડ, અલગ અલગ બેંકોની 65 જેટલી ચેકબુક, 61 એટીએમ કાર્ડ તથા રોકડા રૂપિયા 9.50 લાખ સહિત મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના આરોપી ઈન્દ્રજીત નેમીચંદ પવાર (ઉં.વ. 37 રહે., બિકાનેર, રાજસ્થાન) રાહુલ ભગવાનરામ ગેહલોત (ઉં.વ. 28 રહે., બિકાનેર, રાજસ્થાન) અને કૈલાશ રામપ્રસાદ કુકણા ઉં.વ. 23 રહે., બિકાનેર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

ક્રાઈમ બ્રાચના સુત્રોએ જણાવ્યું હતું કે આરોપી ઈન્દ્રજીત નેમીચંદ પવાર રાજસ્થાનના બિકાનેર ખાતે અલગ-અલગ લોકોને કમિશનની લાલચ આપી રુ.૫૦૦૦/- થી ૮૦૦૦/- માં એકાઉન્ટ ખરીદી આ એકાઉન્ટ હોલ્ડરની સહીઓ વાળી ચેકબુક, પાસબુક, એટીએમ કાર્ડ, સીમકાર્ડ વગેરે મેળવી લઈ એકાઉન્ટની વિગત આરોપી રાહુલ ભગવાનરામ ગેહલોતને મોકલી આપતો હતો. જે Binance એપ્લિકેશનના માધ્યમથી JACK અને BERT નામની ચાઈનીઝ વ્યક્તિઓને મોકલી આપતો હતો.

જેમાં આ બન્ને ચાઈનીઝ વ્યકતિઓ લોકોને ફેડેક્સ કુરીયરમાં ડ્રગ્સ હોવાનું જણાવી NDPSનો કેસ કરવાનો ડર બતાવી તથા શેર માર્કેટમાં વધુ લાભ કમાવવાની લાલચ આપી છેતરપિંડીથી નાણાં મેળવી લઈ આ નાણાં આરોપી ઈન્દ્રજીત નેમીચંદ પવાર દ્વારા મેળવવામાં આવેલા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આ એકાઉન્ટમાંથી એકાઉન્ટ હોલ્ડરનો સહી કરેલો ચેક બેંકમાં લઈ જઈ આરોપી કૈલાશ રામપ્રતાપ કુકણા બેંકમાંથી નાણાં ઉપાડી લેતો હતો. આમ કરીને છેતરપીંડી કરતા હોવાની હકીકત બહાર આવી હતી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

નવસારી ડુબ્યું....

લોકોને રેસ્ક્યુ કરી બચાવી લેવાયા હતા. નવસારી શહેરમાં પૂરની સ્થિતિ સર્જાતા શહેરના મુખ્ય માર્ગો પુરના પાણીમાં ગરકાવ થઇ જતા તંત્રએ શહેરના તમામ મુખ્ય રસ્તાઓ બંધ કરી દીધા હતા. જેથી એસ.ટી. વિભાગે પણ બસોના રૂટ ડાયવર્ટ કરી દીધા હતા અને ઘણા વિસ્તારોની ટ્રીપો ઓછી કરી દીધી હતી.નવસારી જિલ્લામાં ગત રોજ સાંજે 6 વાગ્યા બાદ નવસારી જિલ્લાની અંબિકા નદી, પૂર્ણા નદી અને કાવેરી નદીના જળ સ્તરમાં ઘટાડો નોંધાયો હતો. જેથી આજે શુક્રવારે સવારે 6 વાગ્યે સુધી અંબિકા નદી 16.72 ફૂટે, પૂર્ણા નદી 16 ફૂટે અને કાવેરી નદી 11 ફૂટે વહી રહી હતી. પરંતુ ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડતા અચાનક પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થવા લાગ્યો હતો. સવારે 6 વાગ્યા બાદ પૂર્ણા નદી ભયજનક સપાટી વધાવી જતા નદીના પાણી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ભરાવાનું શરૂ થઇ ગયું હતું. ત્યારબાદથી પૂર્ણા નદીના જળ સ્તરમાં સતત વધારો થઇ રહ્યો હોવાથી નવસારી શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. નવસારી શહેરના 16 વિસ્તાર, નવસારી ગ્રામ્યના 11 ગામો અને જલાલપોર તાલુકાના 11 ગામોને અસર થઇ છે. આજરોજ સવારે આઠ વાગ્યાના અરસામાં જલાલપોર તાલુકાના માણેકપોર ગામમાં પાણી ભરાવાની શરૂઆત થતાં તલાટી કમ મંત્રી દ્વારા તાલુકા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. જેથી મામલતદાર, ટીડીઓએ મળીને અંદાજિત સો લોકોને માણેકપુર પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. આ સાથે માણેકપુર ગામના હળપતિવાસના પાંચ સગર્ભા માતા પૈકી 2 બહેનો જે 9 માસનો ગર્ભ ધરાવે છે અને 2 બહેનો જે 7 મહીનાનો ગર્ભ ધરાવે છે તેઓને સુરક્ષાના ભાગરૂપે નવસારી સિવિલ ખાતે એમ્બ્યુલન્સ મારફત અને મેડીકલ ટીમની નિગરાનીમાં સાવચેતીના ભાગ રૂપે સ્થળાંતર કરવામાં આવ્યા છે.

નવસારી શહેરી વિસ્તારમાં રેલ રાહત કોલોની, બાલાપીર દરગાહ, દશેરા ટેકરી, રૂસ્તમવાડી, વિજલપોર મારૂતિનગર, બંદર રોડ, કાશીવાડી, હિદાયત નગર જેવા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે અંદાજિત 2100 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવેલ છે. જ્યારે નવસારી ગ્રામ્ય તાલુકામાં પારડી ગામ, વાડા ગામ, અડદા ગામ, ધારાગીરી ગામ, નશીલપોર ગામ, પીનસાડ ગામ, કછોલ ગામ, કસ્બાપાર ગામ અને ચંદ્રવાસણસુપા ગામોમાં કુલ મળી અંદાજે 1100 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવેલ છે. આ સિવાય નવસારી તાલુકાના અદડા ગામના 7 લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. તેમજ નવસારી શહેરના 3 લોકોને રેસ્ક્યુ કરતા કુલ 10 લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

00 જિલ્લાના 70 માર્ગો તથા 4 મુખ્ય માર્ગો ઓવરટોપિંગ થયા

નવસારીથી સુરત જતી બસો ઇટાળવા થઇ ગણેશ સિસોદ્રા ગામ પાસેથી હાઇવે પરથી સુરત જઈ રહી હતી. જ્યારે નવસારી-બારડોલી જતી બસો પલસાણા થઇ જતી હતી. તેમજ બીલીમોરા તરફ જતી બસો અબ્રામા-કોસ્ટલ હાઇવે થઇ જતી હતી. પરંતુ ઉકાઈ જતી બસો મહુવાથી પરત ફરી હતી. જોકે જલાલપોર તાલુકાના કૃષ્ણપુર ગામે તેમજ દાંડી ગામ તરફ જતી બસો રાબેતામુજબ ચાલી રહી હતી. પરંતુ મુસાફરો વધુ ન હોવાથી ટ્રીપો ઓછી કરી દીધી હતી. આ સિવાય નવસારી જિલ્લાના નાના-મોટા 70 માર્ગો તથા 4 મુખ્ય માર્ગો (મા.મ.વિભાગ સ્ટેટ હસ્તક) ઓવરટોપિંગ થયા હતા.

નવસારી-સુરતનો....

બસ અને વાહન ચાલકોને અન્ય રસ્તા પરથી જવું પડ્યું હતું. જોકે વાહન ચાલકો ગ્રીડ તરફથી હાઇવે પર જઈ રહ્યા હતા. પરંતુ બપોરબાદ કાલીયાવાડી કલેક્ટર કચેરી પાસેથી પસાર થતી ખાડી છલકાતા કાલીયાવાડી-ગ્રીડ રોડ ઉપર પાણી ભરાતા રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. જેથી વાહન ચાલકો ઇટાળવા થઇ ગણેશ-સિસોદ્રા થઇ હાઇવે પર જતા હતા. નવસારી શહેરના મુખ્ય રસ્તાઓ પાણી ગરકાવ થતા નવસારી એસ.ટી. બસના રૂટો બદલી નાંખવામાં આવ્યા હતા.

નવસારીના 35....

વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. તો બીજી તરફ નવસારી શહેરની ખાડીઓ પણ છલકાઈ જતા દશેરા ટેકરી, કાલીયાવાડી, કબીલપોર, જયશંકર પાર્ટી પ્લોટ પાસે, આદર્શ નગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જતા 35 હજારથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા હતા. જેના પગલે તમામ વિસ્તારોના લોકોનું સ્થળાંતર કરવું પડયું હતું.

તવડી, માણેકપોર,....

તાલુકાના તવડી, માણેક્પોર, વાડાગામ, પોંસરા, મરોલી ગામ, નળોડ અને આસણા ગામ જાણે બેટ હોય એમ વિખૂટા પડી ગયા હતા. વાડા ગામની આસપાસ પાણી ફરી વળતા 65 લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું. તવડી તો પૂર્ણા નદીને કિનારે જ આવેલું છે અને તેને કારણે પૂરના પાણી તવડી ગામમાં પણ ભરાયા હતા. એ કારણે જ તવડીના 60 લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું. તવડી જતા તમામ માર્ગો બંધ થઇ જતાં રેલવે ટ્રેક પરથી જ ચાલતા જઇ શકાય એવી હાલત થઇ ગઇ છે. નવસારીથી સુરત જતા સ્ટેટ હાઇ વે પર મરોલી સુધી ઠેર ઠેર પાણી ફરી વળ્યા હતા. સાતખાડી અને કસ્બા પાસે પાણી ભરાઇ જતાં નવસારીથી સુરતનો સીધો માર્ગ પણ બંધ થઇ ગયો હતો. એ ઉપરાંત નવસારી મુખ્ય શાક માર્કેટ પાસે પણ પાણી ભરાઇ ગયા હતા.

રાત્રે પૂર્ણા-....

જળસપાટી ઘટવી શરૂ થઇ હતી. રાત્રે 10 વાગ્યે અંબિકા નદીમાં જળસપાટી 23.61 ફૂટ હતી, જ્યારે પૂર્ણા નદીમાં જળસપાટી 28 ફૂટ પર પહોંચી ગઇ હતી. બંને નદીઓમાં જળસપાટી ઘટવા માંડતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

બારડોલી-મહુવામાં....

તો સોનગઢના હીરાવાડીમાં ખેતરે મોટર કાઢવા ગયેલાં રમેશભાઇ અને તેમનાં પત્ની કેલાબેન રાત્રે પાણીમાં ફસાઇ ગયાં હતાં. આખી રાત પાણીમાં કાઢી હતી. બાદ પાણી ઓસરતાં ઘરે ગયાં હતાં. ભારે વરસાદને કારણે ઠેકઠેકાણે રસ્તા તૂટી ગયા હતા. તાપી જિલ્લામાં ૧૧૩ રસ્તા બંધ કરાયા હતા. તો

ઉચ્છલમાં ૭૦, કટાસવાણમાં ૨૪ અને ખાબદામાં ૬૩, વ્યારામાં પાનવાડીમાં ૬૭, છીંડીયામાં ૧૦૦, કાંજણમાં ૧૧, આરકુંડમાં ૬ અને મેઘપુરમાં ૧૫, વાલોડ તાલુકાનાં વાલોડમાં ૧૯૫, નાલોઠામાં ૧૬૦, વેડછીમાં ૭૦, અંબાચમાં ૧૧૫, રાનવેરીમાં ૧૨ જ્યારે વિરપોરમાં ૧૧૫ વ્યક્તિને સ્થળાંતરિત કરાયા હતા. જ્યારે વાલોડના નાલોઠામાં ૩૫, અંબાચમાં ૪૫, વેડછીમાં ૨૦, વિરપોરમાં ૪ વ્યક્તિનાં રેસ્ક્યુ કરાયા હતા. જ્યારે વ્યારાના ઝાંખરી ગામે લો લેવલ કોઝવેના ધસમસતા પ્રવાહ વચ્ચેથી અંતિમયાત્રા કાઢવી પડી હતી.

તાપી જિલ્લામાં પડેલા ભારે વરસાદની અસર પુર્ણા નદીમાં થતાં બારડોલીમાં વસતા લોકોના જીવ પડીકે બંધાયા હતા. બારડોલીના છેડે આવેલાં ખરડ અને છીત્રા ગામે પુર્ણા નદીમાં ઘોડાપૂર આવતાં બંને ગામ સંપર્કવિહોણા બની ગયાં હતાં. છીત્રા ગામની પ્રાથમિક શાળામાં તો વિદ્યાર્થીઓ માટે રજા આપી દેવાઈ હતી. પરંતુ ગામમાંથી અન્ય શાળામાં અભ્યાસ અર્થે ગયેલા વિદ્યાર્થીઓ અટવાતાં ટ્રેક્ટર મોકલવું પડ્યું હતું. આ બંને ગામમાં તંત્ર દ્વારા ભોજનની સુવિધા કરાઈ હતી.

મહુવા તાલુકામાં બે જ કલાકમાં સાડા ૪ ઇંચ વરસાદ પડ્યો હતો. ત્યારે મહુવાની પૂર્ણા નદીમાં ઘોડાપૂર આવતાં અનેક ઘરોમાં પાણી ઘૂસી જતાં તંત્ર કામે લાગ્યું હતું. ભારે વરસાદને કારણે પૂરથી કુલ 171 લોકોનું સ્થળાંતર કરાયું હતું. જેમાં મહુવા તાલુકાના મહુવા, રાણત, બુધલેશ્વર અને મિયાપુર ગામના લોકોનો સમાવેશ થાય છે. આમ કુલ 171 લોકો માટે પ્રાથમિક શાળા અને શોપિંગ સેન્ટર ખાતે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહુવાના ઇસ્લામપુરા વિસ્તારમાં કમર જેટલા પાણી ભરાતાં લોકોના જીવ અધ્ધર થઇ ગયા હતા. અહીં દોરડાના સહારે ૩૦ જેટલા લોકોને રેસ્ક્યુ કરાયા હતા.

કેચમેન્ટમાં ત્રણ....

ચીકલધરામાં દોઢ ઈંચ, દમખેડામાં અડધો ઈંચ, ચાંદપુરમાં 8 ઈંચ, નિઝામપુરમાં 2 ઈંચ, નંદુરબારમાં 3 ઈંચ, ઉકાઈમાં સાડા ત્રણ ઈંચ, અકોલામાં દોઢ ઈંચ અને દેડતલાઈમાં પોણા ઈંચ વરસાદ નોંધાયો છે. ગઈકાલે પણ પડેલા વરસાદને કારણે ઉકાઈ ડેમમાં આજે સવારે આઠ વાગ્યાથી પાણીની આવકમાં એકાએક વધારો થયો હતો. સવારે પાણીની આવક વધીને 1.09 લાખ ક્યુસેક થઈ હતી. જે બપોરે બે વાગ્યા સુધીમાં વધીને 2.83 લાખ ક્યુસેકે પહોંચી ગઈ હતી. જોકે સાંજ સુધી પાણીની આવક ઘટીને 76 હજાર ક્યુસેક નોંધાઈ હતી. ઉકાઈ ડેમમાં સતત પાણીની આવકને પગલે વિતેલાં 48 કલાકમાં સપાટી 4.21 ફૂટ વધી છે. જ્યારે ચોવીસ કલાકમાં 3.17 ફૂટનો વધારો નોંધાયો છે. સાંજે ડેમની સપાટી વધીને 320.21 ફૂટ નોંધાઈ છે.

શહેરમાં વરસાદનો વિરામ, જિલ્લામાં છુટોછવાયો વરસાદ

સુરત જિલ્લામાં બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. શહેરમાં તો વરસાદે વિરામ જ લીધો છે. જ્યારે જિલ્લાના ઉમરપાડામાં 4 મીમી, માંડવીમાં 1 મીમી, કામરેજમાં 1 મીમી, પલસાણામાં 4 મીમી, બારડોલીમાં 5 મીમી અને મહુવામાં 3 મીમી વરસાદ નોંધાયો છે. આ સિવાયના તાલુકા કોરાકટ રહ્યા છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ વરસાદની આગાહી કરી છે.

ભરૂચ જિલ્લાનો....

બેભાન થઈ ગયો હતો. ડોક્ટર પાસે બાળકને આવી જ હાલતમાં ચેકઅપ કરાવતાં તેનું મોત થઈ ગયું હતું. ભરૂચના નેત્રંગ વિસ્તારમાં ચાંદીપુરા વાયરસના પગપેસારાથી આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયો છે. આ બાળક બેભાન થતાં જ તાબડતોબ ડોક્ટરને બતાવ્યું હતું. આ બાળકને ભારે તાવ અને ખેંચ આવવાનાં લક્ષણો તેના પરિવારે બતાવ્યાં હતાં. જો કે, બાળકનું મોત થઈ ગયું હતું. આ બાબતે નેત્રંગ સીએચસીના મેડિકલ ઓફિસર ડો.સિંધે જણાવ્યું હતું કે, આ બાળકને ચાંદીપુરાનાં લક્ષણ પ્રમાણે ભારે તાવ અને ખેંચ આવવાથી શુક્રવારે બપોરે જ તેનું મોત થયું છે. નેત્રંગમાં ચાંદીપુરા વાયરસ અટકાવવા માટે દવાનો છંટકાવ ઘણા દિવસથી શરૂ કર્યો છે.

ચાંદીપુરા વાયરસને કારણે તંત્રની બેઠક

નેત્રંગ તાલુકાની આરોગ્ય ટીમ દ્વારા ચાંદીપુરા વાયરસ અન્વયે નેત્રંગ તાલુકાનાં ઘરોનો સરવે કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત નેત્રંગ તાલુકા પંચાયત ખાતે ઝઘડિયા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં નેત્રંગ તાલુકાના સરપંચો, તલાટી કમ મંત્રીઓ સાથે જાગૃતિ માટે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નેત્રંગ તાલુકા મામલતદાર રિતેશ કોંકણી, ભરૂચ જિલ્લા આરોગ્ય વિભાગના ઇ.એમ.ઓ. ડો.નિલેશ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ વશુધાબેન વસાવા, નેત્રંગ તાલુકાના સરપંચો અને તલાટી કમ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન ... પાના પહેલાનું

ઈન્ટર્નશીપ આપવી...

ભંડોળ આપવામાં આવ્યું છે. એઈમ્સ, આઈઆઈઆઈટી, આઈઆઈટી જેવા સંસ્થાનોત્યાં સ્થાપિત કરાઈ રહ્યા છે.

બિહારના મામલામાં શું કોઈ પણ કોસી નદીના પૂરથી થયેલા વિનાશથી ઈન્કાર કરી શકે છે. નેપાળમાં ભારતના ખર્ચે ડેમ બનાવવા માટેના પ્રયાસ ચાલુ છે જેથી પૂર ન આવે.

નોકરીઓ અંગે તેમણે કહ્યું નોકરીઓનું સર્જન કરવું તે હંમ